# મેઘરજના કૃષ્ણપુરા પાટીયા પાસે ગમખ્વાર અકસ્માતમાં ૪ પદયાત્રી સહિત ૭ ના મોત

## રોડ ઉપર લોહીથી લથપથ લાશથી રૂંવાડાં ખડાં થઈ જાય તેવાં દ્રશ્યો : ઈનોવા ચાલકની બેદરકારીથી ગમખ્વાર અકસ્માત






### ટાયર ફાટતાં અકસ્માત - પોલીસ અધિકારી

પોલીસ અધિકારીએ આપેલા નિવેદન અનુસાર ઈનોવા કારનું ટાયર ફાટતાં ચાલકને કાબુ ગુમાવ્યો હતો જેના કારણે અંબાજી જતા પદયાત્રીઓ સહિત કુલ-૧૫ જણ કચડાયા હતા જેમાં ૪ પદયાત્રી તેમજ સ્થાનિક ૨ લોકોના ગંભીર ઈજાથી મોત નિપજ્યા છે. જ્યારે અન્ય સૂત્રો પાસેથી મળેલી જાણકારી અનુસાર કારચાલક સતત ૨૦ કલાકથી ડ્રાઈવિંગ કરતો હતો અને ઉંઘનું જોકું આવી જતાં ગમખ્વાર દુર્ઘટના સર્જાઈ છે.

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૦૨

મોડાસા-ગોધરા સ્ટેટ હાઈવે અંબાજી જતા પદયાત્રીઓ માટે ફરી એકવાર લોહી તરસ્યો બની ગયો છે. શુક્રવાર પરોઢે પૂરઝડપે જતી ઈનોવા કારના ચાલકે એક પછી એક ૪ પદયાત્રીઓ સહિત ૬ જણનાં મોત નિપજાવવાની સાથે અન્ય ૯ પદયાત્રીઓને ગંભીર ઈજા પહોંચાડતાં કરૂણાંતિકા સર્જાઈ હતી. અકસ્માત સ્થળે લોહીની નદીઓ વહી હોય તેવા દ્રશ્યોથી અનેક લોકો દ્રવિ ઉઠ્યા હતા. જ્યારે ગમખ્વાર અકસ્માત પછી જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સહિત પોલીસ કાફલો દોડી આવ્યો હતો. મૃતકોના પરિવારને રાજ્ય સરકાર દ્વારા રૂા.૪ લાખની સહાય તેમજ ઈજાગ્રસ્તોને ૫૦ હજારની સહાય જાહેર કરવામાં આવી છે.

અંબાજીની પદયાત્રાને કારણે પોલીસ દ્વારા હાઈવે ઉપર પેટ્રોલીંગ શરૂ કરવામાં આવ્યું છે તેમ છતાં કેટલાક વાહન ચાલકો પદયાત્રીઓની સુરક્ષાને નજર અંદાજ કરી વાહનો હંકારતા હોવાથી માઁ અંબાના ભક્તો ઉપર માર્ગ અકસ્માતનું જોખમ હોવાની આશંકા સાચી ઠરતી હોય તેમ તા.૨ ના રોજ મેઘરજ તાલુકાના કૃષ્ણપુરાકંપા પાસે હાઈવે માર્ગ ઉપર દાહોદ જિલ્લાના પદયાત્રીઓ બોલ માડી અંબે, જય જય અંબે..ના જયઘોષ સાથે અંબાજી તરફ આગળ વધતા હતા જે દરમ્યાન સવારે ઈનોવા કાર(નં.એમ.એચ.૦૩-સીકે-૦૧૭૮)ના ચાલકે પદયાત્રીઓના સમૂહને ટક્કર મારી ફંગોળી નાખતાં હાઈવે ઉપર રોકકળના દ્રશ્યો સર્જાયા હતા. ઈનોવાની જોરદાર ટક્કરમાં ૬ પદયાત્રીઓના ગંભીર ઈજાથી મોત નિપજતાં અરેરાટી સભર દ્રશ્યો જોવા મળ્યા. જ્યારે અકસ્માત સર્જી ઈનોવા કારચાલક સ્થળ ઉપરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં મેઘરજ પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ ઉપર દોડી આવ્યો હતો અને ઈજાગ્રસ્તોને ઈમરજન્સી-૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા. અકસ્માતમાં કુલ-૬ વ્યક્તિઓના મોત નિપજતાં સરકાર દ્વારા તાત્કાલિક સહાય ચૂકવવાની જાહેરાત કરવામાં આવી છે.

### મરણ જનાર ઈસમોની યાદી

૧. જાદવ પંકજભાઈ રમણભાઈ, ઉ.વ.૨૩, મુ.અલાલી. તા.કાલોલ, જી. પંચમહાલ
૨. રાઠોડ પ્રકાશભાઈ મંગળસિંહ, ઉ.વ. ૨૩, મુ.અલાલી. તા.કાલોલ, જી. પંચમહાલ
૩. બીલવાડ સંજયકુમાર નરેશભાઈ, ઉ.વ. ૨૭, મુ. વલુડી, તા. લીમખેડા, જી. દાહોદ
૪. બારીયા અપશીંગભાઈ સોનિયાભાઈ, ઉ.વ. ૨૭, મુ. ખિરવાઈ, તા. લીમખેડા, જી. દાહોદ
૫. બામણીયા સુરેશભાઈ મોહનભાઈ, ઉ.વ. ૫૪, મુ. કૃષ્ણાપુર, તા. મેઘરજ, જી. અરવલ્લી
૬. અડ વિક્રમભાઈ રૂપાભાઈ, ઉ.વ. ૨૫, મુ. ઘોડિયા, તા. ઝાલોદ, જી. દાહોદ

### ઈજાગ્રસ્ત ઈસમોની યાદી

૧. પરમાર ખુમાનસિંહ મંગળસિંહ, મુ. અલાલી, તા. કાલોલ જી. પંચમહાલ
૨. રાઠોડ રોહિતકુમાર જીતેન્દ્રસિંહ, મુ. અલાલી, તા. કાલોલ જી. પંચમહાલ
૩. પરમાર અતુલ ઉદેસિંહ, મુ. અલાલી, તા. કાલોલ જી. પંચમહાલ
૪. ચૌહાણ ભુપેન્દ્રસિંહ રતીલાલ મુ. મોરડુંગરી, તા. માલપુર, જી. અરવલ્લી
૫. નટ શૈલેષભાઈ કાબાભાઈ મુ. કૃષ્ણાપુર, તા. મેઘરજ, જી. અરવલ્લી
૬. બારીયા સુમિત્રાબેન રમણભાઈ, રામપુર
૭. જૈન હેમંત (ડ્રાઈવર), મુંબઈ

## ગાંભોઈ હાઈવે સર્વિસ માર્ગોનું સમારકામ નહીં થાય તો ગ્રામજનો રસ્તા રોકો આંદોલન કરશે





હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવેનું નવીનીકરણની કામગીરી દરમિયાન ગાંભોઈ ગામે ઓવરબ્રિજની આસપાસના સર્વિસ માર્ગો ચોમાસાના વરસાદી પાણીથી ધોવાઈ મોટા ગાબડા પડી જતા વાહનચાલકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. બીજી તરફ વરસાદે વિરામ લેતા આ સર્વિસ માર્ગો પર ડામર કામના અભાવે વાહન વ્યવહાર દરમિયાન ધૂળની ઉડતી ડમરીઓને કારણે ગાંભોઈ હાઈવેની આસપાસના રહેણાંક તેમજ વેપારીઓ ભારે હાલાકી અનુભવી રહ્યા છે. આ સર્વિસ માર્ગોનો સમારકામ કરી ડામર કામ કરવા અંગે સ્થાનિક વેપારીવર્ગ તેમજ ગ્રામજનોએ હાઈવે ઓથોરિટીના જવાબદાર ઈજારદાર કોન્ટ્રાક્ટરોને વારંવાર જાણ કરવા છતાં આજદિન સુધી આ સર્વિસ માર્ગોનું સમારકામ હાથ ન ધરતા આ કાયમી સમસ્યાના ઉકેલ માટે ગાંભોઈ વેપારી મંડળ અને સ્થાનિક ગ્રામજનોએ મોટી સંખ્યામાં ગુરૂવારના રોજ હિંમતનગર ખાતે જઈ સાબરકાંઠા સાંસદશ્રી દિપસિંહ રાઠોડ, હિંમતનગરના ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાને રજુઆત કરી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી આ સમસ્યા તાકીદે ઉકેલવા જણાવેલ છે. અને જો પ્રજાની સમસ્યા હલ કરવા હાઈવે ઓથોરિટી કોઈ કામગીરી હાથ નહીં ધરે તો આગામી દિવસોમાં અહિંસક માર્ગે રસ્તા રોકો આંદોલન કરી ન્યાય માગશે એવી આવેદનપત્રમાં ચિમકી ઉચ્ચારી છે.

## બાયડમાં નારાયણ પરિવાર દ્વારા વિસામો શરૂ કરાયો



બાયડના વાત્રક રોડ ઉપર નારાયણ માર્બલમાં નારાયણ પરિવાર દ્વારા અંબાજી જતા પદયાત્રીઓ માટે નાસ્તાનો વિસામો શરૂ કરાયો છે. બાયડ નગરપાલિકા પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, કોર્પોરેટર હર્ષદભાઈ પટેલ, સુંદરપુરાના અગ્રણી સુરેશભાઈ પટેલ, બાયડ નગરપાલિકા પૂર્વ ઉપપ્રમુખ રાજેન્દ્રભાઈ કે. પટેલ, દિલીપભાઈ સોની, કિરીટભાઈ પંચાલ વગેરેની ઉપસ્થિતિમાં વિસામો શરૂ કરાયો હતો. અંબાજી જતા પદયાત્રીઓને વિસામા ઉપર ભાવપૂર્વક આવકારીને નાસ્તો કરાવવામાં આવી રહ્યો છે.

## બાયડમાં ૧૯મા વર્ષે સફરજનનો વિસામો



બાયડ : અંબાજી જતા પદયાત્રીઓ માટે બાયડ બસ સ્ટેશન વિસ્તારમાં જયેશભાઈ ડી. ચૌધરી(ચૌધરી પાન પાર્લર) અને તેમના મિત્રો દ્વારા આ વર્ષે પણ સફરજનનો વિસામો શરૂ કરવામાં આવ્યો છે. કોરોનાને બાદ કરતાં સતત ૧૯મા વર્ષે વિસામાનું આયોજન થાય છે. પ્રથમ દિવસે ૯૦૦ થી વધુ પદયાત્રીઓએ સફરજનના વિસામાનો લાભ લીધો હતો.

## પ્રાંતિજના દલપુર ખાતે રામદેવપીરનુ આખ્યાન યોજાયુ



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના દલપુર ખાતે ગણેશ મહોત્સવ દરમ્યાન રામદેવપીર ના આખ્યાન નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા તાજેતરમાંજ ભાજપ મા જોડાયેલ પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાનુ શાલ,શ્રીફળ,તલવાર આપીને સન્માન કરવામા આવ્યુ હતુ. પ્રાંતિજ તાલુકાના દલપુર ખાતે ગણપતિ મહોત્સવ દરમ્યાન રામદેવપીર ના આખ્યાન નુ આયોજન રાઠોડ અનિલસિંહ કાળુસિંહ દ્વારા કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે તાજેતરમાંજ ભાજપ મા જોડાયેલ પ્રાંતિજ-તલોદ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા નુ ક્રિષ્ણા ભજન મંડળ ની બહેનો દ્વારા શાલ અને શ્રીફળ આપીને સન્માન કરવામા આવ્યુ હતુ તો રાજા જોગણી ગુપના યુવાનો એ તલવાર અને શાલ આપીને સન્માન કર્યુ હતુ તો આ પ્રસંગે તાલુકા સદસ્ય ઉપેન્દ્રસિંહ મકવાણા, મેહુલસિંહ સોલંકી , ધવલસિંહ બારૈયા, આર્યન સિંહ મકવાણા, જસવંતસિંહ રાઠોડ સહિત ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## હિંમતનગરમાં કોંગ્રેસ અગ્રણીના પુત્ર આમ આદમી પાર્ટીમાં જોડાયા




વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પણ આમ આદમી પાર્ટી પોતાની પક્કડ જમાવી રહી છે. સાબરકાંઠા જિલ્લા પંચાયતના પૂવ સદસ્ય અને કોંગ્રેસના પીઢ આગેવાન કાન્તીભાઈ પરમારના પુત્ર નિતીનકુમાર પરમાર (એડવોકેટ) પોતાના સાથીઓ સાથે આમ આદમી પાર્ટીમાં જોડાતા કોંગ્રેસમાં મોટુ ગાબડુ પડયુ છે. વિધાનસભામાં ૫૦ હજારથી વધુ મત ધરાવતા મુસ્લીમ સમુદાયમાં આમ આદમી પાર્ટી પગ જમાવી રહી છે. ત્યારે કોંગ્રેસ માટે પોતાની વોટબેંકને અક્કબંધ રાખવાની કપરૂ સાબિત થશે તેવુ હાલમાં જણાઈ રહ્યુ છે.

### યે બાત હજમ નહીં હૂઈ

## અરવલ્લી ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર ચૌધરી(આંજણા)એ કદાવર નેતાની જેમ ઓડીયો ક્લિપમાં ડબીંગ હોવાનું રટણ કર્યું

### આક્ષેપ કરનાર કાર્યકરે જુઠાણું ગણાવ્યું

ગાંધીનગર, તા.૦૨

અરવલ્લી ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. ચૌધરી(આંજણા)ની ભાજપના માલપુરના કાર્યકર સાથે બિભત્સ ગાળો અને ધમકી આપતી ઓડીયો ક્લિપ વાયરલ થયા પછી ગુજરાત પ્રદેશ ભાજપે ગંભીર નોંધ લઈ જિલ્લા પ્રભારીને તાબડતોબ કમલમ્ બોલાવ્યાની વિગત પ્રકાશમાં આવી છે. જ્યારે એક ન્યુઝ ટીવી ચેનલને રાજેન્દ્ર ચૌધરીએ કદાવર નેતાની જેમ ઓડીયો ક્લિપમાં પોતાને બદનામ કરવા ડબીંગ અવાજ હોવાનો લૂલો બચાવ કરતાં જો વિશ્વની સૌથી મોટા રાજકીય પક્ષના મુખ્ય કાર્યકર આસાનીથી જૂઠ બોલી શકતા હોય તો પ્રજા કોના ઉપર ભરોસો રાખશે. જો કે અનેક કાર્યકરોને યે બાત હજમ નહીં હૂઈ તેવી સ્થિતિ સામે આવી છે. મોટાભાગના કાર્યકરોએ સંગઠન પ્રમુખ અને પ્રભારીને બદલવામાં નહીં આવે તો ચૂંટણી સમયે નિષ્ક્રિય થઈ જવાની ચીમકી સાથે પ્રદેશ કક્ષાએ રજૂઆતનો દોર શરૂ કર્યાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ભાજપે જેમને જવાબદારી આપી છે તેવા નેતાઓ અને કાર્યકરો જ પક્ષની ઘોર ખોદી રહ્યા છે. એક પછી એક દરેક મંડલ તેમજ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાંથી સંગઠનની બેધારી નીતિ સામેના ગંભીર આરોપ લાગી રહ્યા છે. જિલ્લા પ્રભારી પણ કોઈકના ઈશારે કામ કરતા હોય તેવા અતિગંભીર આરોપ પછી પ્રદેશ કક્ષાએ કોઈ સાંભળતું ન હોવાથી દિલ્હી દરબાર સુધી રજૂઆતો પુરાવા સાથે રજૂ કરવામાં આવી છે. જ્યારે બે દિવસ પહેલાં જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર ચૌધરીએ માલપુરના ભાજપના કાર્યકર બિપીન ચૌધરીને જે રીતે ગાળ ભાંડવાની સાથે ધમકી આપતી ૩ ઓડીયો ક્લિપ વાયરલ થતાં ભાજપમાં બેલગામ આગેવાનો સામે કાર્યકરો તો ઠીક પરંતુ પ્રજા અને વેપારીઓ તેમજ ઉદ્યોગપતિઓમાં પણ નારાજગી જેવી સ્થિતિ જોવા મળી છે. હરકતમાં આવેલા સંગઠન પ્રમુખે ઓડીયો ક્લિપમાં પોતાનો અવાજ ન હોવાનું રટણ શરૂ કરીને બચાવ માટે પૂર્વ ભૂમિકા બાંધી છે પરંતુ સામે માથાના મળેલા અને સત્ય માટે લડતા કાર્યકરે સંપૂર્ણ પુરાવા તૈયાર કરી જરૂર પડે તો એફ.એસ.એલ.માં જવાની પણ તૈયારીઓ શરૂ કરી છે.

## અરવલ્લી જિલ્લા સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડના જિલ્લા સંયોજક તરીકે નિયુક્તિ

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૦૨



બાયડના રાહુલપૂરી ગોસ્વામી(સંગઠન મંત્રી : અરવલ્લી જિલ્લા ભાજપ)ની સ્વામી વિવેકાનંદ ગુજરાત યુવા બોર્ડના ઝોન-૨ ના સંયોજક હિમાંશુભાઈ એન. પટેલે જિલ્લા સંયોજક તરીકે રાહુલપૂરી ગોસ્વામીની નિયુક્તિ કરતાં અરવલ્લી જિલ્લા ભાજપના તમામ કાર્યકરોએ તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા છે. નિષ્ઠાવાન અને પક્ષને સમર્પિત કાર્યકર્તાની યુવા બોર્ડના જિલ્લા સંયોજક તરીકે નિયુક્તિ મળતાં બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, બાયડ નગરપાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન જોષીસહિત બાયડ નગરપાલિકાના કોર્પોરેટરો અને સંગઠન હોદ્દેદારોએ પણ તેમને અભિનંદન પાઠવ્યા છે.

## જુની પેન્શન યોજના માટે કર્મચારીઓએ સરકાર સામે બાંયો ચડાવી....!!!!

### તા. ૩ જી સપ્ટેમ્બરે બનાસકાંઠા જિલ્લા સંયુક્ત કર્મચારી મોરચા દ્વારા પાલનપુર ખાતે બ્રાહ્મણ વાડીથી કલેક્ટર કચેરી સુધી વિશાળ મહારેલી યોજાશે...

પાલનપુર તા. ૨

જુની પેન્શન યોજના લાગુ કરવા માટે રાજ્ય સરકારમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓએ સરકાર સામે બાંયો ચડાવી છે. આગામી તા. ૩ સપ્ટેમ્બર-૨૦૨૨, શનિવારના રોજ બપોરે-૧.૩૦ કલાકે સંયુક્ત કર્મચારી મોરચો બનાસકાંઠા દ્વારા પાલનપુર ખાતે આવેલ બ્રાહ્મણ વાડી, જહાંનારા બાગ પાસેથી કલેક્ટર કચેરી સુધી કર્મચારીઓની વિશાળ મહારેલી યોજાશે.

કર્મચારીઓની આ મહારેલી પાલનપુર ખાતે બ્રાહ્મણવાડી- જહાંનારા બાગથી પ્રસ્થાન કરી ગલબાકાકા સર્કલ, ગઠામણ ગેટથી નિકળી કલેકટરશ્રીની કચેરીએ પહોંચી બનાસકાંઠા કલેકટરશ્રીને આવેદનપત્ર આપશે. આ રેલીમાં જોડાવા બનાસકાંઠા જિલ્લાના તમામ ૨૪ મંડળોએ સમર્થન આપ્યું છે. જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, તલાટી મંડળ, ખેતી, ગ્રામસેવક, કે. નિરિક્ષક, આરોગ્ય, જિલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ, વર્ગ -૪, ડ્રાઈવર , માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક, વહીવટી, આચાર્ય સંઘ, કલા સંઘ, વ્યાયામ મંડળ, વર્ગ -૩, મહેસુલ, માહિતી, ટેકનીકલ, રેવન્યુ તલાટી મંડળ સહિત તમામ સંવર્ગના કર્મચારીઓ જોડાઈને જુની પેન્શન યોજના દાખલ કરવા અંગે સરકારશ્રીને આવેદનપત્ર આપી માંગણી કરશે.

આ રેલી અંગે બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ અને સંયુક્ત કર્મચારી મોરચાના પ્રમુખશ્રી સંજયભાઈ દવેએ જણાવ્યું છે કે, જુની પેન્શન યોજના કર્મચારીઓનો અધિકાર છે અને એ અમે મેળવીને જ ઝંપીશું. તેમણે કહ્યું કે જૂની પેન્શન યોજના સહિત કર્મચારીઓના પડતર પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો આગામી સમયમાં રાજ્ય કર્મચારી મોરચા દ્વારા આપવામાં આવનાર કાર્યક્રમો મુજબ અચોક્કસ મુદતની હડતાલ પાડવામાં આવશે. પ્રમુખશ્રીએ કહ્યું કે, નિવૃત્તિ પછી ઘડપણમાં સરકારી કર્મચારીઓને બિચારા- બાપડા, લાચાર કે ઓસીયાળું જીવન ન જીવવુ પડે તેનો આધાર જુની પેન્શન યોજના છે ત્યારે દરેક કર્મચારીઓ પોતાના ભવિષ્યની ચિંતા કરી આ રેલીમાં જોડાય તેવી અપીલ કરુ છું.

## ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દિવ્યાંગ ભાઈ બહેનો માટે સર્ટિફિકેટ કેમ્પ યોજાયો

ધનસુરા, તા. ૨

અરવલ્લી જિલ્લાના ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દિવ્યાંગ ભાઈ બહેનો માટે



સર્ટિફિકેટ કેમ્પ યોજાયો હતો.આ કેમ્પ માં મોટી સંખ્યામાં દિવ્યાંગ ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.અને સર્ટિફિકેટ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.આ કેમ્પ માં ઓર્થો સર્જન,આંખના સર્જન, માનસિક ક્ષતિ માટે ના ડોકટર શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.અને દિવ્યાંગ ભાઈ બહેનો ની તપાસ કરી હતી.આ કેમ્પ માં દિવ્યાંગ ભાઈ બહેનો એ ક્ષતિના યુ.ડી.આઈ.ડી સર્ટિ રજિસ્ટ્રેશન કરાવ્યા હતા સર્ટિ ના રજિસ્ટ્રેશન બાદ આ સર્ટિ સમાજ સુરક્ષા કચેરી માં આવ્યા બાદ દિવ્યાંગ ભાઈ બહેનો ના નિવાસસ્થાન સુધી પહોચાડવા માટે અરવલ્લી ફિજીકલી હેન્ડીકેપ્ડ વેલફેર મંડળ,બુટાલ ના વિનોદચંદ્ર પટેલ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.આ કેમ્પ નું આયોજન જિલ્લા સમાજ સુરક્ષા ની કચેરી,સિવિલ હોસ્પિટલ હિંમતનગર અને અરવલ્લી ફિજીકલી હેન્ડીકેપ્ડ વેલફેર મંડળ,બુટાલ દ્વારા કરવામાં આવ્યું હતું.જેમાં તજજ્ઞ ડૉકટરો ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમ માં ૨૦૦ જેટલા દિવ્યાંગ ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.સાથે કાર્યક્રમ માં અલ્પઆહાર નું આયોજન કરવામાં આવ્યું હતું.

## પાવડાસણ ગામમાં હેલ્મેટ પહેરવું ફરજીયાત: ન પહેરનાર બાઈક ચાલકને ૨૦૦નો દંડ

ડીસા, તા. ૨

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના અંતરીયાળ પાવડાસણ ગામમાં ૨૦ દિવસ અગાઉ શંકર નામના યુવકનું માર્ગ અકસ્માતમાં મોત થયું હતું. તે સમયે યુવકે હેલ્મેટ પહેર્યું ન હતું.એકના એક પુત્રના અકાળે મોતથી પરીવાર ઉપર આભ તૂટી પડ્યું હતું. આ બનાવ બાદ ગામ લોકોએ સર્વાનુમતે નિર્ણય કર્યો છે કે, ગામમાં બાઈક પર હેલ્મેટ વગર ફરવું નહીં અને ગામમાં હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યું છે. દૂધ મંડળીએ દૂધ ભરાવવા આવતા પશુપાલકો પણ હેલ્મેટ લઈને મંડળી પર આવે છે તો બીજી તરફ ગામથી શહેર તરફ જતા તમામ યુવાઓ હવે હેલ્મેટ પહેરી બાઈક ઉપર સફર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.



પાવડાસણ ગામની અંદર આજથી ફરજિયાત હેલ્મેટનો નિયમ બનાવવામાં આવ્યો છે. થરાદ પોલીસની હાજરીમાં ગામના યુવાનો દ્વારા ગામમાં હેલ્મેટ પહેરીને બાઈક સાથે રેલી યોજવામાં આવી હતી અને ગામની અંદર સંદેશ આપવામાં આવ્યો હતો કે, આજથી હેલ્મેટ ફરજીયાત કરાયું છે, જે લોકો ગામમાં હેલ્મેટ પહેર્યા વગર બાઈક પર નીકળશે તેમને ગામ લોકો દ્વારા ૨૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. આ ૨૦૦ રૂપિયાના દંડની રકમ ગૌશાળાની અંદર વાપરવામાં આવશે. તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે નિર્ણયને ગ્રામજનોએ અને પોલીસ તંત્રએ પણ વધાવ્યો છે.

## ભારત વિકાસ પરિષદ ભિલોડા શાખા દ્વારા રાષ્ટ્રીય સમુહગાન પ્રતિયોગિતા-૨૦૨૨નો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૦૨

સંપર્ક,સહયોગ,સંસ્કાર,સેવા,સમર્પણ ના પાંચ સુત્ર સાથે કાર્યરત સેવાભાવી સંસ્થા ભારત




વિકાસ પરિષદ,ભિલોડા શાખા ધ્વારા આયોજીત રાષ્ટ્રીય સમુહગાન પ્રતિયોગિતા - ૨૦૨૨ , રાષ્ટ્રીય ચેતના કે સ્વર - ૨૦૨૨ અંતર્ગત વિશેષ જય ભોલેનાથ પાર્ટી પ્લોટમાં દબદબાભેર રીતે કાર્યક્રમ યોજાયો હતો.વિધાર્થીઓમાં રાષ્ટ્રભકિત,સ્વદેશાભિમાનની ભાવના પ્રબળ થાય,રાષ્ટ્રીય ચેતનાનું નિર્માણ થાય તેવા શુભઆશયથી આયોજન દરમિયાન વિધાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.સ્પર્ધકોની ટીમોને ટ્રોફી આપી વિશેષ સન્માન કર્યુ હતું.આ પ્રસંગે મુખ્ય મહેમાનો અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય નીલાબેન હસમુખભાઈ મડીયા,ચેતનાબેન પટેલ, બી.આર.સી, કો.ઓ. ભિલોડા, વિજયભાઈ નાયી - ટ્રસ્ટી,સાબર સેવા સંઘ,પાલ્લા,ભારત વિકાસ પરિષદ,વિભાગીય સહમંત્રી જગદીશભાઈ પટેલ,ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મુકેશભાઈ ત્રિવેદી,મુકેશભાઈ પટેલ,રાજેશભાઈ પટેલ,મહેન્દ્રસિંહ રાઠોડ સહિત સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.ભારત વિકાસ પરિષદ,ભિલોડા શાખાના પ્રમુખ રામઅવતાર શર્મા,ખજાનચી નરેન્દ્રભાઈ પ્રજાપતિ, કાંતિભાઈ પટેલ,મુકેશભાઈ પંચાલ,અનિલભાઈ પંચાલ, કલ્પેશભાઈ ચૌહાણ,કનકસિંહ રાઠોડ,હસમુખભાઈ



બરંડા,ભરતભાઈ પ્રજાપતિ સહિત ભારત વિકાસ પરિષદ,ભિલોડા શાખાના સર્વે હોદ્દેદારો,કારોબારી સભ્યો,વિવિધ શાળાઓના શિક્ષકો,વિધાર્થીઓ મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતો.સામુહીક ભોજન સમારંભ યોજાયો હતો.વિધાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.